For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શાકભાજીમાં જીવાતો અને વંદા જોવા મળતા સ્વાસ્થ્ય સાથે ચેડાં

# તરસાલી રવિશંકર મહારાજ કુમાર છાત્રાલયમાં ભોજન અને સ્વચ્છતા મુદ્દે વિદ્યાર્થીઓનો હોબાળો

**બે દિવસથી** ગેસ સિલિન્ડર ન હોવાને કારણે રસોઈ બંધ રહી,ચૂલો સળગાવી ભોજન બનાવાયું



**અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના પાપે છોકરાઓએ ભોગવવું પડ્યું છે એની રજૂઆત કરાશે**

કોઈ પ્રકારની ફેસિલિટી નથી. કોન્ટ્રાક્ટર જે જમવાનું અહીંયા આપે છે, એ છોકરાઓના કહ્યા પ્રમાણે બિલકુલ ક્વોલિટી વિનાનું છે. 15 દિવસે એક વખત હું અહીંયા આંટો મારવા આવીશ અને જે કાંઈ પણ અત્યાર સુધીનું થયું છે. એની તમામ રજૂઆત શહેરના મંત્રી એમની પાસે આ છોકરાઓને લઈને જઈશ. સરકાર જ્યારે આટલી ફેસીલીટી આપતી હોય તો આ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના પાપે જે આ છોકરાઓએ ભોગવવું પડ્યું છે એની સો ટકા રજૂઆત કરવામાં આવશે. - **નિલેશ રાઠોડ,** પૂર્વ મેયર

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

શહેરના તરસાલી વિસ્તારમાં આવેલ પૂજ્ય રવિશંકર મહારાજ કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓએ ભોજન અને સ્વચ્છતા મુદ્દે ભારે વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાતના વિવિધ શહેરોમાંથી અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓ દ્વારા આ છાત્રાલયમાં ચાલી રહેલી અવ્યવસ્થાને લઈને હોબાળો મચાવ્યો હતો.

શહેર નજીક તરસાલી બાયપાસ ખાતે આવેલી પૂ.રવિશંકર મહારાજ કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓએ પ્રાથમિક સુવિધાના અભાવે મેનેજમેન્ટ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓના આક્ષેપ મુજબ છેલ્લા બે દિવસથી ગેસ સિલિન્ડર ન હોવાને કારણે રસોઈ બંધ હતી. જેના કારણે તેમને સમયસર અને યોગ્ય ભોજન મળતું ન હતું. આ પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. આ ઉપરાંત, રસોડામાં સ્વચ્છતાનો પણ અભાવ હોવાનું સામે આવ્યું છે. લોટ અને શાકભાજીમાં જીવાતો તથા વંદા જોવા મળતા વિદ્યાર્થીઓએ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. ભોજનની ગુણવત્તા અને હોસ્ટેલની વ્યવસ્થાને લઈને વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી હતી. હાલ વિદ્યાર્થીઓની મુખ્ય માંગ છે કે, હોસ્ટેલમાં તાત્કાલિક ગેસ સિલિન્ડર તથા જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે અને ભોજનની ગુણવત્તા તેમજ સ્વચ્છતા સુધારી તેમની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે.

### કારેલીબાગ રાત્રિબજાર પાસે વહેલી સવારે બનેલો બનાવ

# ફુલ સ્પીડે આવતી ઈકો દૂધના ટેન્કરમાં ઘૂસી : સવાર સાતના જીવ અદ્ધર થયા

**ક્ષમતા** કરતા વધુ સામાન અને મુસાફરો ભરેલી ઈકોનો કુરચો બોલી ગયો, છતાં ચમત્કારિક બચાવ



(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરના રાત્રી બજાર સર્કલ પાસે આજે વહેલી સવારે અકસ્માતની એક ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી એક ઈકો ગાડી અને બરોડા ડેરીના દૂધ ભરેલા ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઈકો ગાડીને ભારે નુકસાન પહોંચ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજે વહેલી સવારે અંદાજે 5:00 વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. બરોડા ડેરીનો દૂધ ભરેલો ટ્રક રાત્રી બજારથી સમા તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન ફતેગંજથી અમિતનગર તરફ અત્યંત પુરપાટ ઝડપે આવી રહેલી એક ઈકો ગાડીએ ટ્રકને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે ઈકો ગાડી ટ્રકની પાછળના લોખંડના એંગલમાં ઘૂસી ગઈ હતી.

અકસ્માતનો ભોગ બનેલી ઈકો ગાડીમાં ક્ષમતા કરતા વધુ સામાન અને મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે. ટ્રક ચાલક જયેશભાઈના જણાવ્યા અનુસાર, ઈકો ગાડીમાં 7 લોકો સવાર હતા અને અંદર એક બાઈક સહિત અન્ય ભારે સામાન પણ લાદેલો હતો. ગાડીની સ્પીડ વધુ હોવાને કારણે ચાલક બ્રેક મારી શક્યો ન હતો અને અકસ્માત સર્જાયો હતો. ભલે ગાડીના આગળના ભાગનો કુરચો બોલી ગયો હોય, પરંતુ ચમત્કારિક રીતે ગાડીમાં સવાર તમામ 7 લોકોનો આબાદ બચાવ થયો છે. સ્થાનિક લોકો અને પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલમાં આ મામલે વધુ તપાસ ચાલુ છે. ટ્રક ચાલક જયેશભાઈએ જણાવ્યું કે, "હું સમા તરફ જઈ રહ્યો હતો. ત્યારે ફતેગંજથી અમિતનગર તરફ જતી ઈકો ગાડી ફૂલ સ્પીડમાં હતી અને તેણે મારી ગાડીના પાછળના એંગલમાં ટક્કર મારી દીધી હતી."

### લગ્નની લાલચ આપી શોષણ

# ગોરવા વિસ્તારમાં ડોક્ટર દ્વારા બ્યુટી પાર્લર સંચાલિકા પર દુષ્કર્મ

**પરિવારને** સંબંધની જાણ થતાં અન્યત્ર લગ્ન નક્કી કરતા ભાંડો ફૂટ્યો

**ફરિયાદ** બાદ આરોપી દાહોદનો ડોક્ટર ફરાર, એસીપી દ્વારા તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા:

વડોદરાના ગોરવા વિસ્તારમાં એક ડોક્ટરે લગ્નની લાલચ આપી બ્યુટી પાર્લર સંચાલિકા યુવતી પર વારંવાર દુષ્કર્મ આચર્યો હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. સમગ્ર મામલે યુવતીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આરોપી ડોક્ટર વિકાસ પટેલ મૂળ દાહોદનો રહેવાસી છે. અગાઉ તરસાલી વિસ્તારમાં તેની ક્લિનિક હોવા દરમિયાન યુવતીને કરંટ લાગતા સારવાર માટે ત્યાં જતા બંને વચ્ચે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ આરોપીએ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ દરમિયાન ડોક્ટર વિકાસ પટેલના પરિવારજનોને આ સંબંધ અંગે જાણ થતાં તેમણે અન્ય જગ્યાએ તેના લગ્ન નક્કી કરી દીધા હતા. ત્યારબાદ યુવતીએ સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી.

મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખી આ દુષ્કર્મ કેસની તપાસ એસસી-એસટી સેલના એસીપીને સોંપવામાં આવી છે. ફરિયાદ નોંધાયા બાદ આરોપી ડોક્ટર ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## આજે વડોદરા રેલવે સ્ટેશન પર પ્રથમ ડિજિટલ લાઉન્જનો પ્રારંભ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

મુસાફર સુવિધાઓને સુધારવા અને આધુનિક બનાવવાના ચાલુ પ્રયાસોમાં, પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના વાણિજ્ય વિભાગે વડોદરા સ્ટેશન પર તેના પ્રકારનો પ્રથમ ડિજિટલ લાઉન્જ સ્થાપિત કર્યો છે. આ નવનિર્મિત ડિજિટલ લાઉન્જનો પ્રારંભ શનિવારે સંસદ સભ્ય ડો.હેમાંગ જોશી દ્વારા કરવામાં આવશે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર નરેન્દ્ર કુમારના જણાવ્યા અનુસાર, ભારતીય રેલ્વે પર આ પ્રકારનું બીજું ડિજિટલ લાઉન્જ છે. આ લાઉન્જ આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેનો હેતુ મુસાફરોને ઉન્નત, આરામદાયક અને પ્રીમિયમ વેઈટિંગ અનુભવ પ્રદાન કરવાનો છે. તેમાં આધુનિક બેઠક વ્યવસ્થા, કોન્ફરન્સ રૂમ, નાસ્તો અને અન્ય સુવિધાઓ છે. પશ્ચિમ રેલ્વે વધુ સારી મુસાફરો સુવિધાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છે અને ભવિષ્યમાં આવી આધુનિક સુવિધાઓનો વિસ્તાર કરવાનું ચાલુ રાખશે.

### સવારની શિફ્ટમાં નોકરી જઈ રહેલા યુવકને કાળ ભરખી ગયો

# ભણીયારા ગામ પાસે આઈસર ગાડીની અડફેટે લેતા કોટાલીના યુવાનનું મોત

**અકસ્માત** કર્યા બાદ ફરાર થઈ ગયેલા આઇસર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ

**પાંચ વર્ષની બાળકીએ પિતાનું છત્ર ગુમાવ્યું**

કોટાલી ગામે ગોસાઈ ફળિયામાં રહેતા ધવલ ભારથી તુલસી ગોસાઈ ના લગ્ન થઈ ગયા છે. એને સંતાનમાં એક પાંચ વર્ષની માસુમ બાળકી છે અને તે સિંહ જુનિયર કેજી માં અભ્યાસ કરે છે. આ યુવક કંપનીમાં નોકરી કરીને સમગ્ર પરિવારના લોકોનું ગુજરાત ચલાવતો હતો. દરમિયાન અકસ્માતમાં મોત થઈ જતા હવે પરિવાર પર આભ તૂટી પડ્યું છે. યુવકના મોતના પગલે પરિવારે ભારે આક્રમ મચાવતા તે જોઈને લોકોની આંખોના ખૂણા પર ભીંજાઈ ગયા હતા.

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા જિલ્લાના કોટાલી ગામમાં રહેતા 27 વર્ષીય યુવક વહેલી સવારે વડોદરા હાલોલ રોડ પર આવેલી કંપનીમાં નોકરી પર જઈ રહ્યો હતો. તે દરમિયાન ભણિયારા ગામ પાસે આઈસર ગાડીના ચાલકે બાઈકને ટક્કર મારતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેને તાત્કાલિક સવાર માટે હોસ્પિટલમાં લઈ જતા તબીબે મૃત જાહેર કર્યો હતો. અકસ્માત કર્યા બાદ આઈસર ચાલક ફરાર થઈ ગયો હોય પોલીસે તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના કોટાલી ગામના ગોસાઈ ફળિયામાં રહેતા ધવલભારથી તુલસીભારથી ગોસાઈ રોજની જેમ પોતાની બાઈક લઈને જરોદ નજીક આવેલી કંપનીમાં નોકરી કરવા જઈ રહ્યા હતા. સવારે આશરે સાડા છ વાગ્યાના સમયે ભણીયારા ગામ પાસે બ્રિજ ઉતરતા ગેટ પાસે પહોંચતા સામેથી આવી રહેલી આઈસર ગાડીના ચાલકે અચાનક રોડ ક્રોસ કરવા માટે ઝડપથી વળાંક લીધો હતો. ત્યારે આ આઈસર ગાડીએ ધવલભારથીની બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ધવલભારથી રોડ પર ભંગોડાઈને રોડ પર પડmટકાયા હતા અને તેમને છાતી તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં તેમના મિત્રોએ તરત જ 108 એમ્બ્યુલન્સ દ્વારા તેમને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ત્યારે હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ધવલભારથીની સ્થિતિ નાજુક અંતે બપોરે આશરે સવા અગિયાર વાગ્યાના સમયે ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈએ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં જરોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# SSGમાં સ્વજનોએ જાતે સ્ટ્રેચર ખેંચી મૃતદેહને PM રૂમ સુધી પહોંચાડ્યો



**પેપર** પર હાજર એમ્બ્યુલન્સ ડ્રાઈવર ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

'ગરીબોની જીવાદોરી' ગણાતી મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ હવે લાપરવાહીની નિશાની બની રહી છે. તાજેતરમાં નાઈટ ડ્યુટીમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર કાગળ પર હાજર હોવા છતાં વાસ્તવમાં ગાયબ હોવાનો કિસ્સો સામે આવ્યો. પરિણામે, સ્વજન ગુમાવ્યાના દુઃખમાં ગરકાવ પરિવારે અડધી રાત્રે જાતે જ સ્ટ્રેચર ખેંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમ સુધી પહોંચાડવો પડ્યો. આ અમાનવીય ઘટના કારણે ભારે રોષ ફેલાયો છે. નિયમ મુજબ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ હોવી જોઈએ, છતાં મદદ મળી નહીં. હાજરી હોવા છતાં ડ્રાઈવર ગાયબ હોવો ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. દેખરેખ, સુરક્ષા અને જવાબદારી અંગે સવાલો ઊભા થયા છે. દર વખતે તપાસની ખાતરી આપીને મામલો દબાવવાની પ્રથા પર પણ આક્ષેપ છે. હવે જોવાનું એ છે કે જવાબદાર સામે કડક પગલાં લેવાશે કે નહીં.

### છાણી કેનાલમાં આત્મહત્યાનો પ્રયાસ નિષ્ફળ

# 'તારે ડરવાની જરૂર નથી' શબ્દોએ બચાવ્યો જીવ, પોલીસની સંવેદનશીલ કામગીરી

**યુવતી** સગાઈ તૂટી જવાના કારણે માનસિક તણાવમાં હતી

**પોલીસ** અને ફાયર વિભાગની ત્વરિત કામગીરીથી દિલધડક રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

વડોદરા શહેરમાં માનવતા અને બહાદુરીનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે, જ્યાં ફતેગંજ પોલીસ અને ફાયર વિભાગની સંયુક્ત કામગીરીથી એક યુવતીનો જીવ બચાવવામાં સફળતા મળી છે. ગત સાંજે છાણી કેનાલ પાસે એક યુવતીએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સમયસર મળેલી જાણકારીના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ આણંદની રહેવાસી અને વડોદરામાં ખાનગી નોકરી કરતી યુવતી પોતાની સગાઈ તૂટી જવાના કારણે માનસિક તણાવમાં હતી. તે કેનાલના કિનારે ઊભી રહી છલાંગ લગાવવાની તૈયારીમાં હતી. આ અંગે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં ફતેગંજ પોલીસ મથકના એએસઆઈ નિલેશભાઈ કટારા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ નીતાબેન તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

યુવતી ખૂબ ગભરાયેલી હાલતમાં હતી અને વારંવાર કેનાલમાં કૂદવાનો પ્રયાસ કરી રહી હતી. મહિલા પોલીસ કર્મી નીતાબેનએ સમજદારીપૂર્વક યુવતીને વાતોમાં રાખી તેને શાંત રાખવાનો પ્રયત્ન કર્યો હતો. આ દરમિયાન ફાયર વિભાગને પણ જાણ કરવામાં આવી હતી.

ફાયર ટીમ સ્થળ પર પહોંચે તે પહેલાં જ યુવતીએ કેનાલમાં છલાંગ લગાવી દીધી, પરંતુ ફાયર વિભાગે તરત જ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી યુવતીને ગણતરીની મિનિટોમાં સલામત બહાર કાઢી લીધી હતી.

આ ઘટનામાં મહિલા પોલીસની સંવેદનશીલતા ખાસ નોંધપાત્ર રહી હતી. નીતાબેનએ યુવતીને હિંમત આપતા કહ્યું, "હું આવી ગઈ છું, તારે ડરવાની જરૂર નથી," જે શબ્દોએ યુવતીને માનસિક રીતે સંભાળવામાં મદદરૂપ બન્યા બાદમાં યુવતીને પોલીસ મથકે લઈ જઈ તેની કાઉન્સેલિંગ કરવામાં આવી હતી અને તેને તેના માતા-પિતાને સોંપવામાં આવી હતી.

### નબળા-વંચિત જૂથના બાળકોને ધો.1માં પ્રવેશની જાહેરાત

# RTE હેઠળ તા.4 થી 17 એપ્રિલ દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકાશે

**ફોર્મ** ભરવા માટે હેલ્પ લાઈન નંબર 0265-2461703 જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

શિક્ષણના અધિકાર રાઈટ ટુ એજ્યુકેન કાયદા હેઠળ આર્થિક રીતે નબળા અને વંચિત જૂથના બાળકોને ખાનગી શાળાઓમાં મફત પ્રવેશ અપાવવા માટે વડોદરામાં વહીવટી પ્રક્રિયાનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આ વર્ષે પ્રવેશ પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શક બને તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

વાલીઓને ઓનલાઈન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા માર્ગદર્શન કેન્દ્ર અને હેલ્પલાઇન નંબર 0265-2461703 પણ કાર્યરત કરવામાં આવ્યા છે. આ યોજના અંતર્ગત વિવિધ કેટેગરીમાં આવતા બાળકોને પ્રવેશ માટે પાત્ર ગણવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને અનાથ બાળકો, સંરક્ષણની જરૂરિયાત ધરાવતા બાળકો, બાળગૃહના બાળકો તેમજ બાળમજૂરો કે સ્થળાંતરિત મજૂરના બાળકોને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત, મંદબુદ્ધિ, સેરેબ્રલ પાલ્સી કે એટીઆર જેવી ગંભીર બીમારી ધરાવતા બાળકો અને દેશની રક્ષા કાજે શહીદ થયેલા લશ્કરી કે અર્ધલશ્કરી દળના જવાનોના સંતાનોને પણ આ યોજનાનો સીધો લાભ મળશે. ગત વર્ષે જિલ્લામાં કુલ 4,762 વિદ્યાર્થીઓને RTE હેઠળ પ્રવેશ આપીને તેમના શિક્ષણનું સપનું સાકાર કરવામાં આવ્યું હતું. મહત્વની વાત એ છે કે આ પ્રવેશ માત્ર સ્ટેટ બોર્ડની શાળાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ શહેરની પ્રતિષ્ઠિત સીબીએસઈ અને આઈબી બોર્ડની શાળાઓમાં પણ નિયમ મુજબ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે છે.

### 'વન ડે વન રોડ' અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યું

# પંચશીલ-ખોડિયાર નગર રોડ પરના દબાણો દૂર કરી સાફ સફાઈ કરાઈ

**શહેર** વોર્ડ ઓફિસર સહિતના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં રસ્તાઓ પરથી ટ્રાફિકના અવરોધો દૂર કરાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરમાં 'વન ડે વન રોડ' અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આજે શહેરના પંચશીલ વિસ્તારથી લઈને ખોડિયાર નગર મેઈન રોડ સુધીના માર્ગ પર વ્યાપક સ્તરે સફાઈ અને દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન સફાઈ કર્મચારીઓની ટીમે સમગ્ર માર્ગ પર ઝાડુ મારીને સફાઈ કરી હતી, તેમજ રોડ ડિવાઈડરની પણ વ્યવસ્થિત સાફ-સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનની સાથે સાથે પાલિકાની દબાણ શાખાની ટીમ પણ જોડાઈ હતી. રસ્તા પર વાહનવ્યવહાર અને ટ્રાફિકને અડચણરૂપ થતા ગેરકાયદેસર દબાણોને સ્થળ પર જ દૂર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કામગીરી દરમિયાન વોર્ડ ઓફિસર પ્રિયંકાબેન, પૂજા સેનેટરી ઈન્સ્પેક્ટર અને સીટી એન્જિનિયર સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. અધિકારીઓની દેખરેખ હેઠળ સફાઈ કર્મચારીઓ અને દબાણ શાખાની ટીમે સંકલન સાધીને સમગ્ર પટ્ટાને સ્વચ્છ અને અવરોધ મુક્ત બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મ્યુનિસિપલ કમિશનરના આદેશથી શહેરના અલગ-અલગ વોર્ડમાં દરરોજ એક મુખ્ય માર્ગ પસંદ કરીને આ પ્રકારે સઘન કામગીરી કરવામાં આવી રહી છે, જેથી શહેરના રસ્તાઓ ચોખ્ખા રહે અને નાગરિકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળે.

### વડોદરાના વારસા પર ગંદકીનું ગ્રહણ, પાલિકાના હેરીટેજ પ્રેમનો ફુગ્ગો ફૂટ્યો

# દંતેશ્વરની 500 વર્ષ જૂની ઐતિહાસિક વાવ 'નર્ક' સમાન

**દારૂના** અડ્ડા અને કચરાના ઢગલા વચ્ચે કરાતા 'સ્માર્ટ સિટી'ના પોકળ દાવા, આસ્થા અને ઇતિહાસ બંને જોખમમાં

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

વડોદરામાં રસ્તા, ગટર અને પાણીની સમસ્યાઓ તો સામાન્ય બની ગઈ છે, પરંતુ હવે શહેરનો અમૂલ્ય ઐતિહાસિક વારસો પણ તંત્રની ઘોર ઉપેક્ષાનો ભોગ બની રહ્યો છે. વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં આવેલી અંદાજે પાંચ સદી (500 વર્ષ) જૂની ઐતિહાસિક વાવ આજે વહીવટી તંત્રની બેદરકારી અને નિષ્કાળજીને કારણે ગંદકી અને અસામાજિક તત્વોનો ગઢ બની ગઈ છે. એક તરફ સરકાર 'હેરિટેજ વોક' અને વારસાના જતનની વાતો કરે છે, તો બીજી તરફ આ જીવંત ઈતિહાસ ગંદકીમાં દટાઈ રહ્યો છે. દંતેશ્વર ગામ પાસે આવેલી આ વાવ શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટિએ અત્યંત મહત્વની છે. પરંતુ આજે તેની સ્થિતિ જોતા ગુસ્સો આવી જાય તેવી છે. વાવના પગથિયાંઓ કચરાથી ભરાઈ ગયા છે, પાણીમાં સેવાળ અને ઝેરી જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય છે. સૌથી ગંભીર બાબત એ છે કે, વાવના ખૂણે-ખૂણે દારૂ અને બિયરની ખાલી બોટલોનો ખડકલો જોવા મળે છે. આ દ્રશ્યો સાબિત કરે છે કે રાત્રિના સમયે અહીં અસામાજિક તત્વોની મહેફિલો જામે છે, છતાં પોલીસ કે પાલિકાનું તંત્ર મૌન સેવીને બેઠું છે. સ્થાનિક રબારી સમાજ અને રહીશો દ્વારા આ બાબતે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. સ્થાનિક આગેવાનોના જણાવ્યા



મુજબ, તેઓ વોર્ડ નં. 17ની કચેરીમાં અનેકવાર ધક્કા ખાઈ ચૂક્યા છે. જોકે, ત્યાંના જવાબદાર અધિકારી હિતેશ સોલંકી દ્વારા એવું બેજવાબદાર નિવેદન આપવામાં આવ્યું હતું કે, આ કામ અમારા વિભાગમાં આવતું નથી. સવાલ એ ઊભો થાય છે કે, જો પાલિકાનો વોર્ડ ઓફિસર સફાઈની જવાબદારી ન લેતો હોય, તો શું આ ઐતિહાસિક વાવને સાફ કરવા માટે વિદેશથી ટીમ બોલાવવી પડશે ? તંત્રની આ 'ખો' આપવાની નીતિને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વાવ માત્ર એક ઈમારત નથી, પણ સ્થાનિક રબારી સમાજ અને અન્ય રહીશો માટે આસ્થાનું કેન્દ્ર છે. દર વર્ષે માતાજીના જવારા પધરાવવા માટે શ્રદ્ધાળુઓ અહીં આવે છે. સ્થાનિકોએ દુ:ખ સાથે જણાવ્યું કે, જે વાવમાં અમે પવિત્ર ભાવે પૂજા અર્ચના કરીએ છીએ, ત્યાં આજે ગંદકી અને દારૂની બોટલો છે. શું વડોદરા મહાનગરપાલિકા ઈચ્છે છે કે અમે આવા અશુદ્ધ અને ગંદા પાણીમાં ધાર્મિક વિધિ કરીએ ? શું વડોદરા મહાનગરપાલિકા પાસે ઐતિહાસિક વાવની સફાઈ માટે કોઈ બજેટ કે આયોજન નથી ? ઐતિહાસિક સ્થળો પર અસામાજિક તત્વોનો જમાવડો રોકવા સિક્યુરિટી ગાર્ડ કે લાઈટિંગની વ્યવસ્થા કેમ નથી ? વોર્ડ ઓફિસર જેવી જવાબદાર વ્યક્તિ પોતાની ફરજમાંથી છટકી કેવી રીતે શકે ? જો વડોદરાના નાગરિકો જાગૃત નહીં થાય અને તંત્ર ઘોર નિદ્રામાંથી નહીં જાગે, તો આગામી થોડા વર્ષોમાં આ 500 વર્ષ જૂની વાવ માત્ર ફોટાઓમાં જ જોવા મળશે.

# કાલે શહેરની 46 બિલ્ડીંગના 466 બ્લોકમાં 9284 વિદ્યાર્થી ગુજકેટની પરીક્ષા આપશે

**પરીક્ષા** ત્રણ તબક્કામાં લેવાશે, સવારે 10 વાગે પરીક્ષા શરૂ થશે જે સાંજે 5 વાગે પૂરી થશે :

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે 29 માર્ચે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ લેવાશે. રાજ્યભરમાંથી વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ A, B અને ગ્રુપ ABના કુલ સવા લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે વડોદરમાંથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ મળી કુલ 9284 વિદ્યાર્થીઓ ગુજકેટ આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ગુજકેટ 29 માર્ચે લેવાશે. જે પૂર્વે ગત 17 માર્ચે હોલ ટિકિટ અપલોડ કરવામાં આવી હતી. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાશે. જેમાં સવારે 10 વાગે પરીક્ષા શરૂ થશે જે સાંજે 5 વાગે પૂરી થશે. વર્ષ 2017થી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ ફરજિયાત કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. જેના પગલે વર્ષ 2026માં રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી તેમજ ડિપ્લોમા ફાર્મસી અભ્યાસમાં પ્રવેશ માટે સાયન્સ ગ્રુપના ગ્રુપ એ, ગ્રુપ બી અને ગ્રુપ એબીના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા 29 માર્ચે લેવાશે. વડોદરામાં 46 બિલ્ડીંગમાં 466 બ્લોકમાં પરીક્ષા યોજાશે. આ વખતે ગુજરાતી માધ્યમમાં 2656, હિન્દી માધ્યમમાં 54 અને અંગ્રેજી માધ્યમમાં 6574 એમ કુલ મળી 9284 વિદ્યાર્થીઓ ગુજકેટ આપશે. જેમાં 5058 વિદ્યાર્થી અને 4226 વિદ્યાર્થિનીનો સમાવેશ થાય છે. ગ્રુપ A માં 5162, ગ્રુપ B માં 4072 અને ગ્રુપ ABમાં 50 વિદ્યાર્થી પરીક્ષા આપશે. વડોદરા સહિત રાજ્યમાં અંદાજે સવા લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. ગુજકેટ માટેની માહિતી પુસ્તિકા ગુજરાત બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવી છે. મહત્વનું છે કે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ભૌતિક વિજ્ઞાનના 40 ગુણના 40 પ્રશ્નો તેમજ રસાયણ વિજ્ઞાનના 40 ગુણના 40 પ્રશ્નો એમ કુલ 80 ગુણના 80 પ્રશ્નો માટે 120 મિનિટનો સમય, જ્યારે જીવ વિજ્ઞાનના 40 ગુણના 40 પ્રશ્નો માટે 60 મિનિટનો સમય તેમજ ગણિત વિષયના 40 ગુણના 40 પ્રશ્નો માટે 60 મિનિટનો સમય આપવામાં આવશે.